શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૫

## સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૬/૬/૧૬ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ ગાર્ડન સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત..
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. બંધારણમાં ફેરફારની નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત
૫. સંસ્થાની પોલીસી (નીતિ)
૬. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

**સહી** – પુષ્પા ગોહીલ
તા. ૩૧/૦૫/૨૦૧૬ મંત્રી

## ખાસ નોંધ:

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોંચાડવા.

## વાર્ષિક સંમેલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું છત્રીસમું વાર્ષિક સંમેલન તા. ૨૬/૬/૧૬ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર રાખવામા આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે. આ રીતે લગાતાર દર વર્ષે સંસ્થાની ટીમને આપના તરફથી જે હુંફ અને સહકાર મળી રહે છે તેનાથી લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ખૂબજ સરળતા બની છે. તો આપની ઉપસ્થિતી અંગે જાણ કરવા વિનંતી છે.

**ધ્યેય જેટલું મહાન, તેટલો જ તેનો માર્ગ લાંબો અને વિકટ**

## સાધારણ સભા

અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૬/૬/૧૬ ના રોજ ૧૬ કલાકે હરિરાજ, ૨૬, ઓમનગર(૩), જીઆઈડીસી પાછળ, હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

<u>કાર્યસૂચિ</u>

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૫–૧૬ના વાર્ષિક હિસાબ, વાર્ષિક અહેવાલ, અંદાજપત્ર(૧૬–૧૭) તથા આયોજનની મંજુરી બાબત.
૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

તા. ૩૧/૦૫/૨૦૧૬ મંત્રી

## ઝેરી જંતુનાશકો

**સ્ટોક હોમ કન્વેશનના એનેક્ષર–એ મુજબ ૨૬** (Eliminate) **દવાઓઃ** એન્ડોસલ્ફાન, હેકઝાકલોરોબેન્ઝીન, ૨,૪,૫–ટી, આલ્ડ્રીન, કલોરડેન, ડાયએલ્ડ્રીન, કલોરડીકોન, એન્ડ્રીન, મીરેકસ, હેપ્ટા કલોર, લીન્ડેન, ટોકસાફીન, પેન્ટા–ટેટ્રાબ્રોમોડાયફીનાઈલ ઈથર.

**એનેક્ષર–બી મુજબ પ્રતિબંધીત (Restrict) દવાઓ :** ડી.ડી.ટી., પરફયુરોઓકટેન સલ્ફોનીક એસીડ અને સોલ્ટ, પરફયુરોઓકટેન સલ્ફોનાઈલ ફલોરાઈડ.

**ડબલ્યુએચઓની કલાસ ૧ એ મુજબ જોખમી દવાઓ :** મીથાઈલ પેરાથીઓન, ફોસ્ફામીડોન, કેપ્ટાફોલ, આલ્ડીકાર્બ, બ્રોડીફેકમ, બ્રોમેડાયોલોન, બ્રોમીથેલીન, કેલ્શીયમ સાયેનાઈડ, કલોરમેફોસ, કલોરીથોકસીફોસ, કલોરોફેસીનોન, ડાયફીનાકમ, ડાયફેથીઓલોન, ડાય સલ્ફોટન, ડાય ફેસીનોન, ઈપીએન, એથોપ્રોફોસ, ફલોકોમાફ્રેન, ફોરેટ, હેકઝાકલોરોબેન્ઝીન, મરકયુરીકલોરાઈડ, મેવીનફોસ, પેરાથીઓન, ફીનાઈલ મરકયુરી એસીટેટ, સસ્ફોટેપ, ટેબ્યુપીરીમફોસ, ટરબ્યુફોસ.

**કલાસ ૧ બી મુજબ વધારે જોખમી દવાઓ :** કાર્બોફુરાન, ડાયકલોરોવોશ, મોનોકોટોફોસ, ઓમીથોએટ, એક્રોલીન, અલીલઆલ્કોહોલ, ઈથાઈલ એઝીનફોસ, માથાઈલ એઝીનફોસ, બ્લાસ્ટીસાઈડીનએસ, કેડીયુસેફોસ, બ્યુટોકાર્બોજીમ, બ્યુટોકસીકાર્બોજીમ, કેલ્શીયમ આરસીનેટ, કલોરફેનવીનફોસ ૩ કલોરો ૧, ૨ પ્રોપેનેડીઓલ, ક્રોમાફોસ, હેપ્ટોફોસ, ઝીટાસાયપરમેથીન, ડીમેટોનએસમીથાઈલ, ડાયક્રોટોફોસ, ડાયનોટર્બ, ડી.એન.ઓ.સી., એડીફેનફોસ, ઈથીઓફેનકાર્બ, ફેમફુર, ફીનામીફોસ, ફલુસાયથ્રીનેટ, ફોર્મેટાનેટ, ફલુરાથીઓકાર્બ, આઈસોકઝાથીઓન, લેડઆર્સેનેટ, મેકાર્બમ, મરકયુરીક ઓકસાઈડ, મિથામીડોફોસ, મિથાઈડેથીઓન, મિથીઓકાર્બ, મિથોમાઈલ, ટેફલુથીન, નીકોટીન, ઓકઝામાઈલ, પેરીસગ્રીન,

***સારા વિચાર રાખવા એ આંતરિક સુંદરતાની નિશાની છે.***

મીથાઈલઓકસીડીમેટોન, પેન્ટાકલોરોફીનોલ, પ્રોપેટામફોસ, સોડીયમ આર્સીનાઈટ, સોડીયમ સાઈનાઈટ, સ્ટ્રીચનાઈન, થેલીયમ સલ્ફેટ, થાયોફેનોક્સ, થાયોમીટોન, ટ્રાયઝોફોસ, વામીડોપીઓન, વાર્ફેરીન, ઝીંક ફોસ્ફાઈડ.

**રોટરડમ કન્વેશન** એનેક્ષર–૩ મુજબ દવાઓ: કાર્બોફુરાન, એન્ડોસલ્ફાન, મીથાઈલ પેરાથીઓન–૧૯.૫% ઈ.સી, મોનોકોટોફોસ, ફોસ્ફામીડોન–૧૦૦% એસ.એલ, થાયરમ, કેપ્ટાફોલ, ડીએનઓસી, હેકઝાકલોરોબેન્ઝીન, મરકયુરીકલોરાઈડ, પેરાથીઓન, મરકયુરીક ઓકસાઈડ, મિથામીડોફોસ ૬૦% એસએલ, પેન્ટાકલોરોફીનોલ, એલાકલોર, ૨,૪,૫–ટી, આલ્ડીકાર, આલ્ડ્રીન, બાયનેપાક્રાઈલ, કલોરડેન, કલોરડાયમીફોમ, કલોરો બેન્ઝીલેટ, ડીડીટી, ૧,૨–ડાયબ્રોમોઈથેન, ડાયએલ્ડ્રીન, ડાયનાઈટ્રો ઓર્થો ક્રેસોલ, ડાયનોસેબ અને ડાયનોસેબ સોલ્ટ, ઈથીલીન ડાયકલોરાઈડ, ઈથીલીન ઓકસાઈડ, ફલુરો એસીટેમાઈડ, એચસીએચ, હેપ્ટા કલોર, લીન્ડેન, મરક્યુરી કમ્પાઉન્ડ, ટોકસાફીન, ટ્રાયબ્યુટીલ્ટીનકંમ્પાઉન્ડ, બેનોમાઈલ ૭%થી વધારે (પાવડર), કાર્બોફુરાન ૧૦% થી વધારે(પાવડર), થાયરમ ૧૫%થી વધારે(પાવડર), મીથાઈલ પેરાથીઓન ૧૯.૫% ઈ.સી, ૧.૫%, ૨%, ૩%,

**ભારતમાં નોંધાયેલી દવાઓ :** એસીફેટ, એસીટામીપ્રીડ, અલ્ફાસાયપરમેથીન, અટ્રાઝીન, અઝોક્ષીસ્ટ્રોબીન, બીટાસાયફલુથ્રિન, બ્યુપ્રોફેજીન, બાયફીન્થ્રિનલબીટી, કાર્બારીલ, કાર્બેન્ડેઝેમ, કેપ્ટન, કાર્બોફ્યુરાન, કાબોસલ્ફાન, કારટેપહાઈડ્રોકલોરાઈડ, કલોરાનટ્રાનીલીપ્રોલ, કલોરાઈડ, કલોરફેનપ્રાયર, કલોરોમેકવાટ, કલોથાએનીડીન, કલોરીપ્રાયરીફોસ, કલોરીપ્રાયરીફોસ, મીથાઈલ, કોપરઓકસીકલોરાઈડ, સાયફલુથ્રિન, સાયપરમેથીન, ડેલ્ટામેથ્રિન, ડાયફેન્થ્યુરન, ડાયકલોરોવોશ, ડાયકોફોલ, ડાયફેનોકોનોઝોલ, ડાયફલુબેન્ઝયુરન, ડાયમેથોએટ, ડાયનોટેફયુરાન, ડાયથુરોન, એમામેકટીન, એમામેકટીન બેન્ઝોએટ, એન્ડોસલ્ફાન, ઈથેફોન, ઈથીઓન, એટોકસાઝોલ, ફેનપાયરોકસીમેટ, ફેનોકસાપ્રોપ પી ઈથાઈલ, ફીપ્રોનીલ, ફલોનીકેમીડ, ફલુબેન્ડિએમાઈડ, ગ્લાયફોસેટ, હેકઝાકોનાઝોલ, હેકસીથાએઝોકસ, ઈમીડાકલોપ્રિડ, ઈન્ડિાકસાકાર્બ, લેમડાસાયહેલોથ્રિન, લ્યુફેન્યુરોન, મેલાથીઓન, મેન્કોઝેબ, મેન્ડિપ્રોપેમીડ, મેપીકવોટ કલોરાઈડ, મેટાલેકસીલ, મેટાલોકલોર, મીથોમાઈલ, મેટીરમ, મોનોકોટોફોસ, નેપ્થેલીન એસીટીક એસીડ, નીમ ઓઈલ, નોવાલ્યુરોન, ન્યુકલીઓપોલીહાઈડ્રો વાયરસ, ઓકસાડાયર્ઝીલ, ઓકસીડીમોટેન મીથાઈલ, આકસીફલુરોફેન, પેરાકવોટ ડાયકલોરાઈટ, પેન્ડિમીથેલીન, પરમેથ્રીનલ ફોરેટલ ફોસ્ફામીડોન, પ્રોફેનોફોસ, પ્રોપરગાઈટ, પ્રોપીકોનાઝોલ, પ્રોપીનેબ, પાયરાકલોસ્ટ્રોબીન, પાયરીપ્રોકસીફેન, પાયરીથાયોબેકસોડીયમ, કવીનાલફોસ, સ્પીનોસેડ, કવીઝાલોફોકઈથાઈલ, એસફેન્વેલેરેટ, સ્પાઈરોમેસીફેન, સલ્ફર, ટેબ્યુકેનાઝોલ, ટેફલુબેન્ઝુરોન, થાયેમીથોકઝામલ થાયોડીકાર્બ, થાયરમ, ટ્રાયઝોફોસ, ટ્રાયફલોકસસલ્ફયુરોન – સોડીયમલ ટ્રાયફલુરેલીન.

**સંકલન: અશોક શેલાર અને જયેશ જાદવ**

**પરિશ્રમ આપણને ત્રણ આફતોથી ઉગારે છે: કંટાળો, કુટેવ અને જરૂરીયાત**

## જૈવિક વિવિધતા

પૃથ્વી પરના દરેક પ્રાણી અને વનસ્પતિ, બીજા પ્રાણી અને વનસ્પતિ કરતા સાવ અલગ જ છે. આ પૃથ્વી ઉપર કલ્પી ના શકાય તેટલી જાતીના વિવિધ પ્રકારના આકાર, કદ અને રંગ રૂપ ધરાવતી પ્રાણી સૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ અને સુક્ષ્મ સજીવો આવેલા છે. જીવસૃષ્ટિમાં તેની સંખ્યા અને જીવનચક્ર એક ખાસ પ્રકારનુ મહત્વ અને સમતોલન પણ ધરાવે છે. પૃથ્વી પરના જીવંત સૃષ્ટિના આ ખજાનાને જૈવિક વિવિધતા કહે છે.

## ભારતમા જૈવિક વિવિધતા

વિશ્વમાં જૈવવૈવિધ્ય નું પ્રમાણ ભારતમાં ૫ % છે. પશુઓ/પ્રાણીઓની ૮૧૦૦૦ જાતિ અને પ્રજાતિઓ જોવા મળે છે જેમા જીવજંતુઓની ૫૦૦૦૦ જેટલી જાતિઓ સમાવિષ્ટ છે. પક્ષીઓની ૧૨૦૦ જાતિ/પ્રજાતિઓ છે. ફુલછોડની ૪૫૦૦૦ જાતિઓ છે જેમા ૧૫૦૦૦ જેટલી જાતિઓ ફુલવાળા છોડની છે. ભૌગોલીક વિવિધતાને લીધે ભારત જૈવિક વિવિધતાની દ્રષ્ટિએ ખુબજ સમૃધ્ધ દેશ છે. ભારત બૃહદ જૈવિક વિવિધતા ધરાવતા આઠ દેશોમા છઠ્ઠું સ્થાન ધરાવે છે. વિશ્વના જૈવવૈવિધ્ય પૈકી ૬૦ % થી ૭૦ % વૈવિધ્ય ભારતમા મળી આવે છે. વિશ્વની સપુષ્પી વનસ્પતિ પૈકી ૬% વનસ્પતિ ભારતમા મળે છે તેમાથી ત્રીજા ભાગની વનસ્પતિ તો ભારત સીવાય બીજે કયાંય મળતી નથી. ભારતમા ૪૯૬ સરીસૃપોની જાતિ કે જે કુલ પ્રાણીઓના ૩૨% અને ૨૧૦ ઉભયજીવી પ્રાણીઓ જે કુલ પ્રાણીઓના ૩૨% છે. આ ઉપરાંત આપણા દેશમા ૬૦૦૦૦ જેટલા કીટકો, ૩૯૮ જાતના સસ્તન પ્રાણીઓ અને ૨૫૪૬ મત્સ્ય જાતો નોંધાયેલ છે.

## જૈવિક વિવિધતાનુ મહત્વ

જેવી રીતે જીવન ટકાવી રાખવા માટે હવા અને પાણી જરુરી છે તેટલુ જ જૈવવૈવિધ્ય પણ જરુરી છે. તંદુરસ્તી, ખોરાક, કપડાં, આનંદ–પ્રમોદ, ઉધોગ, રમતગમત વિગેરેનું દરેક પાસુ જૈવવૈવિધ્યના ઘટક સાથે જોડાયેલુ છે. માનવે પોતાની જીવન જરુરીયાતની વસ્તુઓ જેવી કે ખોરાક, કપડા, મકાન માટેના સાધનો તથા રહેણીકરણી માટે આ જૈવવૈવિધ્યનો ઉપયોગ કરી પોતાનું જીવન સમૃધ્ધ તથા શાંતિમય બનાવેલ છે.

દર વર્ષે ૨૦૦૦ કરોડ રૂપીયાની દવાઓ વન ઔષધીઓમાથી મળે છે, તેમાથી ૮૦% દવાનો ઉપયોગ વિકાસશીલ દેશના લોકો કરે છે. ૩૦૦૦ જેટલી અન્ટિબાયોટીક દવાઓ સુક્ષ્મ જીવાણુંઓ–બેકટેરીયામાંથી બનાવવામા આવે છે, ભારતના ૧૦૦૦ જેટલા વૃક્ષો આયુર્વેદના જણાવ્યા મુજબ મોટા ભાગના રોગ દુર કરે છે.

## જૈવિક વિવિધતાનુ અસંતુલન

જૈવિક વિવિધતાનુ અસંતુલન થાય તો શુ

નુકશાન થાય તે સમજવા માટેનું એક ઉદાહરણ મમળાવીએ. થોડા વર્ષો પહેલા આફ્રિકાના માલાવીના ભાગમા વસતા લોકોએ સરકારને ફરીયાદ કરી કે દીપડાઓ તેમના ઢોર અને કુતરાઓને મારી નાખે છે, લોકોને ખુશ રાખવા સરકારે દીપડાઓને મારી નાખવાની પરવાનગી આપી દીધી. બધા દીપડા મરી ગયા, થોડા વર્ષો પછી ખેડુતોને તેમના પાક પર બબુન દ્રારા થતા હુમલાથી ત્રાસ થવા લાગ્યો અને દીપડાઓએ કદી પણ નુકશાન કર્યુ હોય તેના કરતા અનેક ગણું વધું નુકશાન વેઠવું પડયું.

લોકો એ દીપડાઓને મારી નાખીને બબુનના મુખ્ય શીકારીને દુર કર્યો હતો જેને કારણે બબુનની સંખ્યા એટલી હદે વધી હતી કે તેમનો કુદરતી ખોરાક ખુટી ગયો હતો અને તેમણે ખેડુતોના પાક પર હુમલા કરવાનુ શરુ કર્યુ હતું. જો લોકોએ દીપડાઓને એકલા છોડી દીધા હોત અને પોતાના ઢોર અને કુતરાઓને સલામત રીતે રક્ષવાની સંભાળ લીધી હોત તો દીપડાઓએ બબુનને નિયંત્રણમા રાખ્યા હોત અને બબુનની સમસ્યા કદી ઉભી ના થઈ હોત.

ઉપરના ઉદાહરણ પ્રમાણે આજે ખેતી થઈ રહી છે પાકને નુકશાન કરતી જીવાતોને મારવા માટે આપણે ઝેરી રાસયણોનો આડેધડ ઉપયોગ કરી મિત્ર જીવાતોને પણ મારી નાખીએ છીએ જેથી નુકશાન કરતી જીવાતોની સંખ્યા વધે છે અને પાકને અસર કરે છે મિત્ર જીવાતોના નિવાસ સ્થાન એવા પાકો, ખેતરના શેઢે વૃક્ષો, થોરની વાડ વગેરે હોય તો મિત્રજીવાતોનુ સંવર્ધન થઈ શકે.

**ખેતરના શેઢે પાળે વૃક્ષની જરૂરીયાત**

વૃક્ષો વરસાદના પાણીને જમીન ઉપરથી ઝડપથી વહી જવા દેતા નથી તે પાણીના વહેણને અવરોધી પાણીને જમીનમા ઉતારવાનો અવકાશ પુરો પાડે છે. જમીન ઉપરના ફળદ્રુપ માટીના પાતળા કવચનુ ધોવાણ અટકાવે છે. વૃક્ષોનો છાયડો તથા પાનનુ આવરણ જમીનના ભેંજને જાળવી રાખે છે .

**જૈવિક વિવિધતા જાળવવા શુ કરવુ**

૧. વૃક્ષોનુ વાવેતર કરવું તથા સ્થાનિક પ્રજાતિઓના વૃક્ષો વાવવા અને ઉછેરવા તથા માવજત કરવી.

૨. લોક સમુદાયમા જૈવિક વિવિધતાની અગત્યતા વિશે જાગૃતિ ફેલાય તેવા પ્રયત્ન કરવા.

૩. વરસાદના પાણીનો સંગ્રહ તથા જળ જમીન સંરક્ષણની પ્રવૃતિ હાથ ધરવી.

૪. કુદરતી સંપતિઓનો પુનઃ વપરાશ, મર્યાદીત અને કરકસર પુર્વકનો વપરાશ.

૫. પ્રાણીઓ કે પક્ષીઓના શરીરના અંગોમાથી બનતી ચીજ વસ્તુનો ઉપયોગ ટાળવો.

૬. પરંપરાગત ઉર્જા સ્ત્રોતો અને ટેકનોલોજીનો વપરાશ વધારો.

**– અશોક શેલાર મો. ૯૪૨૬૨ ૮૧૭૬૪**

*તમારી વર્તણુક તમારાં સંસ્કારનું પ્રતિક છે.*

## જમીન માવજત અને વાવણી

સૌરાષ્ટ્રનું વાતાવરણ ગરમ હોવાથી કપાસને અનુકુળ આવે છે. મોટાભાગની જાતો ૮૫૦ થી ૧૧૦૦ મી.મી વરસાદવાળા વિસ્તારમાં સારી રીતે ઉગે છે. જમીન તૈયારીમાં ગુલાબી ઈયળના કોશેટા તેમજ બહુ વર્ષીય નિંદામણને અટકાવવા માટે ઉંડી ખેડ કરીને તપવા દેવી જરૂરી છે. રોટાવેટર અને કરબથી ખેડ કરીને જમીનને ભરભરી બનાવવી જેથી સ્ફુરણ સારું થાય છે. ચકાસણી મુજબના પોષક તત્વો ઉમેરી ખેતી કરવી જોઈએ.

## કપાસની સુધારેલી જાતો

ગુજરાત કપાસ શંકર – ૬
બીટી બીજી –૨ ઉંચો કોતણ આંક
ગુજરાત કપાસ શંકર – ૮
બીટી બીજી –૨ વહેલી પાકતી શંકર જાત
વિસ્તાર અને પિયતની સગવડતા મુજબ સરકાર માન્ય પ્રમાણીત બીટી બીજી–૨ કપાસની જાતો પસંદ કરવી.

## ગુલાબી ઈયળ

ગુલાબી ઈયળના સંભવિત ઉપદ્રવથી બચવા માટે જૂન મહિનામાં વાવણી લાયક વરસાદ થયા પછી વાવણી કરવી અને આગોતરૂ વાવેતર કરવાથી નુકશાન થવાની સંભાવના છે. પિયત કપાસ માટે બે ચાસ વચ્ચે ૧૨૦ × ૪૫ સેમી (૪×૧.૫ ફુટ) બે છોડ વચ્ચ ૪૫ સેમી (૧.૫ ફુટ) અને બિન પિયત માટે અનુક્રમે ૯૦×૩૦ (૩×૧ ફુટ) અંતર રાખીને એકરે ૦.૪૫૦ થી ૦.૭૫૦ કિ.ગ્રા. બિયારણ જમીનમાં ભેજને ધ્યાનમાં રાખીને ૪ થી ૬ સેમી ઉંડાઈએ વાવણી કરવી. વધુ ઉત્પાદન અને જમીનની ફળદ્રુપતા ટકાવવા માટે સંકલીત પોષણ વ્યવસ્થાપનમાં જમીન તૈયારી સમયે એકર દીઠ ૩ થી ૪ ટન કોહવાયેલું છાણીયું ખાતર, એકર દીઠ ૧૦૦ કિગ્રા નાઈટ્રોજન, ૨૦ કિગ્રા ફોસ્ફરસ અને ૬૦ કિગ્રા પોટાશ આપવું. સુક્ષ્મ તત્વોની ખામી નિવારણ માટે જીએનએફસીનું ગ્રેડ–૪ ખાતર ૧ કિગ્રા મુજબ ૨૦૦ લીટર પાણીમાં (૭૫ ગ્રા./૧૫ લી.પાણી) ઓગાળીને ફુલ ભમરી અને જીંડવાના વિકાસની અવસ્થાએ એમ બે વખત છાંટવું. ફુલ ભમરી અટકાવવા માટે ૧૩.૦.૪૫ ખાતર ૨ કિગ્રા પ્રતિ એકર મુજબ ૨૦૦ લીટર પાણીમાં ઓગાળીને ચાપખા બેસવાની અવસ્થાએ ત્રણથી ચાર વખત આપવું કપાસના પાકમાં છેલ્લા અસરકારક વરસાદ બાદ ૨૦ દીવસ પછી પિયત આપવું, કાળી જમીન હોય તો ૨૦ થી ૨૫ દીવસના અંતરે, ગોરાડું જમીન હોય તો ૧૦ થી ૧૫ દીવસના અંતરે આપવું. પાક અને પાણીની સુરક્ષા માટે એક પાટલે પિયત આપવું.

ખેતી લક્ષી માહીતી માટે ખેડૂત મિત્રો આપ કોલ કરી શકો છો. હવે પછીના અંકમાં આપણે રોગ જીવાત નિયંત્રણની ચર્ચા કરીશું.

**– શૈલેષ પ્રજાપતી મો. ૯૫૫૮૫૫૮૪૫૫**

***સંસારમાં જેટલી ઉપલબ્ધિઓ છે, તે બધામાં શિક્ષણ સૌથી મોટી ઉપલબ્ધિ છે.***

## ટકાઉ ખેતી

મિત્રો, ગયા અંકમાં આપણે ખેડૂત સંગઠન વિષે વાતો કરી જે આપને ઉપયોગી થઈ હશે. આ અંકમાં આપણે ડરો નહી પણ લડો તે વાકયને લઈને વાતો કરવી છે. મિત્રો ચોમાસું આવી રહયું છે. વાવણીની તૈયારી થઈ રહી છે ત્યારે ટાટા બીસીઆઈ પરિયોજના અંતર્ગત ખેડૂતોની મુલાકાતનો દોર ચાલું છે.

ગુલાબી (લાલ) ઈયળના ડરના કારણે ખેડૂતો કપાસની ખેતીને છોડીને મગફળીના વાવેતર તરફ જતા દેખાય છે. ફરીથી એક જ વાત આવશે કે બજાર માગ અને પુરવઠાના નિયમ મુજબ બજાર ભાવના આવતી સાલ સવાલો થશે. ચાલું સાલમાં જે ડુંગળીમાં ભાવનો ખેડૂતોને માર પડયો તે માર આવતી સાલ મગફળીમાં ના પડે તે પરિસ્થિતિને પણ ધ્યાને લેવી જોઈએ.

મિત્રો, એટલે હું કહું છુ ડરો નહિ પણ લડો ગુલાબી ઈયળને આવતી તો કદાચ રોકી નહી શકીએ પરંતુ તેના નુકશાનથી બચી જરૂર શકાય. નીચે આપેલી બાબતો સંશોધનના આધારે નકકી થયેલી છે. જે આપના ધ્યાન પર મુકું છું તેમજ જે ખેડૂત ભાઈઓ તલોદ ખાતે પ્રેરણા પ્રવાસમાં આવેલ હતા. એ લોકોએ આ બાબતે જાણકારી મેળવી હતી જેથી તેમને ખ્યાલ પણ છે.

૧. વાવણી લાયક વરસાદ થયા પછી જ કપાસનું વાવેતર કરવું.

૨. ટુંકા ગાળામાં પાકતી જાતોને પસંદગી આપવી જેવી કે શંકર ૬ તથા ૮, અજીત ૧૫૫ વગેરે

૩. ખેતર ફરતે નોન બીટી કપાસનું વાવેતર કપાસ વાવતા તમામ ખેડૂતોએ ફરજીયાત કરવુ જોઈએ.

૪. સાંકડા પાટલે વાવેતર કરવું

૫. ત્રીસ દીવસનો કપાસમાં વીઘા દીઠ ૩ ફેરોમેન ટ્રેપ લગાડવી. જો લાલ ઈયળની ફુદી દેખાય તો ટ્રાયજોફોસ જેવી દવાનો છંટકાવ કરવો શકય હોય તો મોનોકોટોફોસ દવાનો છંટકાવ બંધ કરવો. દવાની પસંદગીમાં ગૃપ મુજબ બદલાવ કરવો.

૬. યુરિયા ખાતરનો જરૂર પ્રમાણે ઉપયોગ.

૭. જાન્યુઆરી મહિના સુધીમાં કપાસની છેલ્લી વીણી પુરી કરવી.

૮. કપાસની સાંઠીને બાળી દેવી અથવા ખાતર બનાવી અને ખેતરને ચોખ્ખું કરી દેવું.

આ માહિતી તલોદ કપાસ સંશોધન કેન્દ્ર પરથી પ્રેરણા પ્રવાસ દરમ્યાન મળેલ છે.

**— ડી.એન. ઝાલા, મો. ૯૮૨૫૪ ૨૨૨૪૪**

ઉના, ગીર ગઢડા તથા ખાંભા તાલુકાની સુક્ષ્મ પોષક તત્વોની ચકાસણી કરાવતા ભલામણ મુજબ ૧ વીઘામા ઝીંક સલ્ફેટ ૭૦૦ ગ્રામ તથા ફેરસ સલ્ફેટ ૧૨૦૦ ગ્રામ આપવાની જરૂર રહે છે. કોઈપણ પાકમાં તેને પાયાના ખાતર તરીકે આપી શકાય.

***જેણે વધારે પરસેવો પાડયો છે એને ઓછું લોહી બાળવું પડશે.***

**Happy birthday**

| | |
|---|---|
| Manjuben Makvana | 01.06.1973 |
| Muljibha Bagada | 01.06.1969 |
| Suresh Gohil | 01.06.1962 |
| Dirubhai Solanki | 01.06.1980 |
| Ashok Shelar | 05.06.1975 |
| Prof. J M Talavia | 06-06-1970 |

**In this month**

| | |
|---|---|
| 9-10 | BCI visit/training at Mahuva for producer unit INGJ14 |
| 9-12 | BCI visit/training at Mahuva for producer unit INGJ27 |
| 23-24 | TOT-Programmatic & Agronomic for producer unit INGJ14 |
| 26 | Orientation on MIS survey |
| 26 | Orientation on crop insurence |
| 26 | Exposure on Sorath company by farmers of TKF |
| 27 | TOT for producer unit INGJ27 |
| 27 | Planning on workshop with FPO director and general members. |
| 30 | Training on MIS survey for volunteers |

**રમુજ એક થેરપી**

ટીચર : પપ્પુ તું કાલે સ્કુલે લેટ કેમ આવ્યો?

પપ્પુ : મેડમ હું કાલે રાત્રે સપનામાં કેનેડા જતો રહયો હતો.

ટીચર : અને પીન્કી તુ?

પીન્કી : મેડમ હું તેને એરપોર્ટ મુકવા ગઈ હતી.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મિત્રના મૃત્યુ કરતાં મૈત્રીનું મૃત્યુ વધારે અસહ્ય હોય છે.**